ક્રમાંક: કેસીજી/ઉદીશા/૨૦૧૮-૧૯/૨૯૮૮
નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત,
નવરંગપુરા, અમદાવાદ,
તા.૨૮/૦૮/૨૦૧૮

પ્રતિ,

આચાર્યશ્રી,
સરકારી અને અનુદાનિત કોલેજો તમામ,
ગુજરાત રાજ્ય

વિષય: ઉદીશા પ્રકલ્પ અંતર્ગત વર્ષ ૨૦૧૮-૧૯ અંગેના અનુદાન ફાળવવા બાબત
સંદર્ભ: માન. સીઈઓ કેસીજીના તા.૨૭/૦૮/૨૦૧૮ના રોજ મળેલ મંજુરી
File No. KCG/Extension/2018-19/212. (1494)

શ્રીમાન,

કે.સી.જી. કચેરી ખાતે વિવિધ પ્રકલ્પ કાર્યરત છે. જે પૈકી એક્ષ્ટેન્શન પ્રકલ્પ હેઠળ ઉદીશા પ્રવૃત્તિ કાર્યરત છે. આ પ્રકલ્પનો હેતુ ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ કરવાનો, વિદ્યાર્થીઓમાં રોજગારલક્ષી કાર્યક્ષમતામાં વધારો થાય અને સોફ્ટ-સ્કીલ અને ડોમેઇન સ્કીલ માટે યોગ્ય માર્ગદર્શન મળી રહે તે માટેનો છે. ઉદીશા પ્રકલ્પ અંતર્ગત વિદ્યાર્થીઓમાં સી વી લેખન, ગ્રૂમિંગ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ જેવી રોજગારલક્ષી ક્ષમતા ઉજાગર કરવામાં આવે છે.જેમાં રાજ્યની સરકારી અને અનુદાનિત કોલેજો તમામ કોલેજોના વિદ્યાર્થીઓને લાભ મળે છે.

સંદર્ભ-૧ અનુસાર ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી ૧૦૭ કોલેજો અને અનુદાનિત ૩૫૬ કોલેજો એમ કુલ મળીને ૪૬૩ કોલેજોને આ અનુદાનની ફાળવણી થઈ શકે તે માટે ઉદીશા પ્રકલ્પ અંતર્ગત ચાલુ વર્ષે પ્રતિ કોલેજ દીઠ રૂ.૨૦,૦૦૦/- (અંકે રૂપિયા વીસ હજાર પુરા)નું અનુદાન ફાળવવાનું થાય છે. જેની વિગત આ મુજબ છે.

| ક્રમ | ઉદીશા અંતર્ગત આવેલ કાર્યક્રમો | ચાલુ વર્ષ:૨૦૧૮-૧૯માં પ્રતિ કોલેજ દીઠ ફાળવવાની થતી ગ્રાન્ટની રકમ (કાર્યક્રમો માટે) (રૂ.૨૦,૦૦૦/-) મુજબ (રૂપિયામાં) |
|---|---|---|
| ૧ | બેઝિક ઇંગ્લિશ | ૨૪૦૦/- |
| ૨ | રીડીંગ સ્કીલ | ૨૦૦૦/- |
| ૩ | પોઝિટિવ એટીટ્યુડ | ૨૦૦૦/- |
| ૪ | ઇન્ટર પર્સનલ સ્કીલ | ૨૦૦૦/- |
| ૫ | સી. વી. રાઇટીંગ | ૨૦૦૦/- |
| ૬ | કેમ્પસ પ્લેસમેંટ અને જોબ ફેર | ૬૮૦૦/- |
| ૭ | ઇન્ટરવ્યુ સ્કીલ | ૨૮૦૦/- |
| | કુલ રકમ | ૨૦,૦૦૦/- |

આ ઉદીશા અનુદાનનો ઉપયોગ નીચેના નિયમોનુસાર કરવાનો રહેશે.

- કેસીજી કચેરી દ્વારા આ અનુદાનનું વખતોવખત ઓડીટ કરવામાં આવશે.
- સ્વનિર્ભર કોલેજ આ અનુદાન માટે અરજી કરી શકશે નહિ.
- આ સાથે સામેલ માહિતી પત્રકમાં માહિતી મોકલી આપવાની રહેશે.

ક્રમશઃ (૧)

Inward No. : ____
Date : ____
Sign. : ____

- આ અનુદાનથી ઉદીશા અંગેના-કાર્યક્રમો (તાલીમ અને જોબ ફેર) કોલેજ કક્ષાએ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે તથા વર્ષ દરમ્યાન થયેલ કાર્યક્રમોમાં ભાગ લીધેલ વિગતો દર્શાવતો વિદ્યાર્થીઓની યાદી, તજજ્ઞોની વિગતો ઉદીશા પ્રવૃતિનો (A4 SIZE ના કાગળમાં રંગીન ફોટોગ્રાફ સ્કેન કરીને કલર પ્રિન્ટ સાથેનો)વાર્ષિક અહેવાલ એક (૧) નકલમાં તૈયાર કરીને તથા આ અનુદાન દ્વારા આયોજિત કરવામાં આવેલ કાર્યક્રમના તમામ ફોટોગ્રાફ્સ એક CD/DVDમાં તૈયાર કરીને ડૉ. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી(એક્ષ્ટેન્શન), કેસીજીને તા.10/03/૨૦૧૯ થી તા.૨૦/03/૨૦૧૯ સુધી માં મોકલી આપવાનો રહેશે.
- આ અનુદાન પ્રાપ્ત કરેલ કોલેજોએ આ અનુદાનનો વપરાશ તા.૧૦/03/૨૦૧૯ સુધીમાં પૂર્ણ કરવાનો રહેશે. આ પરિપત્રના નાણાકીય નિયમોને આધીન આ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં કરેલ કાર્યક્રમનો માન્ય ખર્ચ આ અનુદાનમાંથી સરભર કરી શકાશે.
- ઉદીશા પ્રકલ્પ અંતર્ગત અનુદાન પ્રાપ્ત કરેલ કોલેજોએ અનુદાનનો હિસાબ, વપરાશી પ્રમાણપત્ર અને જો બચત રકમ રહેતી હોઈ તો તે તમામ રકમ કેસીજી, અમદાવાદના નામના ચેકથી તા.10/03/૨૦૧૯ થી તા.૨૦/03/૨૦૧૯ સુધીમાં બિનચૂક જમા કરાવવાની રહેશે.

જે સરકારી અને અનુદાનિત કોલેજો ઉપરોક્ત શરતોને અધીન ઉદીશા પ્રકલ્પ અંતર્ગત અનુદાન મેળવવા માંગતી હોય તો તે કોલેજોએ આ સાથે સામેલ માહિતી પત્રકમાં માહિતી ભરીને તથા સદર કોલેજનો એક Cancelled કરેલો ચેક ડૉ. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી(એક્ષ્ટેન્શન), કેસીજીના નામના ફોરવર્ડીંગ લેટર સાથે તા.૧૫/૦૯/૨૦૧૮ સુધીમાં ટપાલથી મોકલી આપવાની રહેશે. ત્યારબાદ કોઈ કોલેજની દરખાસ્ત વિચારણા હેઠળ લેવામાં આવશે નહિ.

પ્રો. એ. યુ. પટેલ
એડવાઈઝરશ્રી, કેસીજી,
પૂર્વ કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી

કે. બી. ઉપાધ્યાય (IAS)
સી.ઈ.ઓ., કે.સી.જી.

નકલ સવિનય રવાના જાણ સારૂ:

- ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, ગુજરાત રાજ્ય
- ડૉ. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્ષ્ટેન્શન, કે.સી.જી
- ખાસ ફરજ પરના અધિકારી, એકા. & એડ., કેસીજી
- હુકમ ફાઈલે

નકલ રવાના યોગ્ય કાર્યવહી સારૂ:

- ગુજરાત રાજ્યની તમામ સરકારી અને અનુદાનિત કોલેજો

બિડાણ:

- માહિતી પત્રક, બાંહેધરી પત્રક, સમિતિ પત્રક એમ કુલ ત્રણ બિડાણો

શ્રી બી.પી.બ્રહ્મભટ્ટ આર્ટસ એન્ડ એમ.એચ.ગુરૂ કોમર્સ કોલેજ,

ઉદિશા ગ્રાન્ટ ઉપક્રમે કરેલ ખર્ચની માહિતી સને ૨૦૧૮-૧૯

| CREDIT | PERTICULAR | DEBIT | PERTICULAR |
|---|---|---|---|
| 20000.00 | online transfer by NEFT | 5590.00 | Ch.No.848812 Dena Bank dt.18/03/19 |
| | State Bank of India | | For Stationary Bill No.4443 Rs.3515/- |
| | Date : 29/10/2018 | | For Stationary Bill No.4444 Rs.2075/- |
| | KCG Ahmedabad | | Anand Book & General Stores, Unjha |
| | | 14651.00 | Ch.No.848814 Dena Bank dt.28/03/19 |
| | | | For Books Bill No.689 Rs.5530/- |
| | | | For Books Bill No.690 Rs.4459/- |
| | | | For Books Bill No.691 Rs.4368/- |
| | | | For Books Bill No.693 Rs. 294/- |
| 20000.00 | | 20241.00 | Total |

ઉપરના હિસાબો તપાસ્યા છે અને તે બરાબર માલુમ પડયા છે.

FOR, C. D. MODH & CO
CHARTERED ACCOUNTANTS

PROPRIETOR
28-05-2019

C.D.Modh & Co. Chartered Accountants
M. No. [illegible]
Mehsana

Principal
Shri B.P.Brahmabhatt Arts &
M.H.Guru Commerce College
Unjha - 384170. (N.Guj.)

UDIN : 19108876AAAABQ9774